

શ્રીસ્વામિનારાયણ મંદિર,

કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

માર્ચ-૨૦૨૫



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

માર્ચ, ૨૦૨૫

## હોળીધાર નૂતન દેરી ઉદ્‌ઘાટન પ્રસંગે

## પદયાત્રા

### કુંડળધામ થી સાળંગપુરધામ

















: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૧ ફાગણ સુદ-૬, તા.૦૫/૦૩/૨૦૨૫ બુધવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


## સત્સંગ સુધા

स्मृति बल रखना दिन रेनी, विस्मृति बल होवन न देनी;
इतनो साधन करत रहाई, मुक्त होई जावे तदपि ताई.
जितनो जाको सामृथ होवे, विचारीके तितनो जोवे;
तामें कसर रखत रहे जेहु, तितनो नून रहत हे तेहु.

# અનુક્રમણિકા


3 ઓવર બુદ્ધિથી દુ:ખ
- પ.પૂ.શ્રીગુરુજી

4 શિક્ષાપત્રી રૂપ પ્રભુનો પ્રતાપ
- પ.પૂ.શ્રીગુરુજી

6 સફળતાનું સિક્રેટ શું ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 કથાવાર્તા
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 સંપની તાકાત...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 મહાનતા
- સાધુ વર્ણિવેષદાસ

12 સહજ અને સરળ ભગવદ્ધ્યાન
- સાધુ અનાદિસ્વરૂપદાસ

13 સિદ્ધિ, પ્રસિદ્ધિ, પરિણામ વિપરીત બુદ્ધિ
- સાધુ સંકીર્તનદાસ

14 ઐશ્વર્યનો અપચો અને ખપની બલિહારી
- સાધુ પ્રસન્નવદનદાસ


16 મોટા આંકડાઓ નાના કરવા છે ?
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

18 વાતો કે વર્તન..?
- સાધુ મૂર્તિસ્વરૂપદાસ

20 સત્સંગ સમાચાર

# કાવ્યકૃપા





## સ્વ–પરને જે દુઃખ દે છે તે વધારે પડતી બુદ્ધિ છે.

ઓવર બુદ્ધિ દુઃખ દે છે, સ્વ-પર સહુને સદાય;
એનાં કરતાં માપે મતિ, જ્ઞાન સારી ગણાય...૦૧

જ્ઞાન માપે બુદ્ધિવાળા, જગમાં સુખી જણાય;
ઓછી બુદ્ધિવાળા પણ, દુઃખી થતા દેખાય...૦૨

વધારે પડતી બુદ્ધિ પણ, સુખ નથી દેતી કાંય;
જ્ઞાન ખોટા હરખપદુડા, કદી ન થાવું જરાય...૦૩

ઓવર બુદ્ધિને કારણે, વિશ્વમાં કેટલાય;
દુઃખી છે ને થાય છે, જ્ઞાન બહુ બેન-ભાય...૦૪

વધુ પડતા થીંકીંગથી, સુખી થતા તો થાય;
પણ ગાંડા બહુ થયા છે, જ્ઞાન જોયા ઘણાય...૦૫

માપથી વધુ બુદ્ધિ પણ, દુઃખ જ દે છે જ્ઞાન;
જ્ઞાન માપે જ આપજો, રાજી થઈ ભગવાન...૦૬

બહુ જ બુદ્ધિવાળાનેય, સર્વ બુદ્ધિ ન જ હોય;
એવા તો એક હરિ જ છે, જ્ઞાન નથી અન્ય કોય...૦૭

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

સં.૨૦૮૦, જેઠ વદ-૨ તા.૨૩/૦૬/૨૦૨૪, કુંડળધામ

કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ
તા.૩૦/૦૭/૨૦૨૩ ને સોમવારના રોજ
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં
કરેલ મનનીય પ્રવચન



# શિક્ષાપત્રી રૂપ પ્રભુનો પ્રતાપ

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ



એક સરકારી અમલદાર સરકારના હુકમથી રામનવમીના સમૈયા ઉપર બંદોબસ્ત રાખવા સારુ છપૈયામાં નિમાયા હતા. તે પોતાની સાથે દશ સિપાઈ લઈને ત્યાં આવ્યા. નારાયણ સરોવરના કાંઠે મોટા આંબાના વૃક્ષ હેઠે ઉતારો કર્યો. પછી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા આવ્યા. મંદિરે દર્શન કરી, દરેક મૂર્તિ પાસે એક એક રૂપિયો ભેટ મૂક્યો. પછી સભામાં સુખાનંદ સ્વામી હતા ત્યાં આવ્યા, ત્યારે સ્વામીએ એમનું સન્માન કરીને એક ગાલીચા ઉપર બેસાડ્યા. પછી શ્રીજીમહારાજના પ્રગટપણાની વાતો કરતાં કહ્યું, ‘સાહબ ! પ્રગટ શ્રીહરિ કા આશ્રય કરનેવાલે કો જમપુરી કા ફેરા મીટ જાતા હૈ. લખચોરાશી ઔર ગર્ભવાસ કા દુઃખ ભી મિટ જાતા હૈ. યહ સત્સંગ મેં સ્વામિનારાયણ ભગવાન સબકો બહુત સુખ દેતે હૈ.’

આવું સાંભળીને પેલા અમલદાર બોલ્યા, ‘અરે ગુરુ મહારાજ ! આપ બહુત અચ્છી બાત કરતે હો. આપકી બાત સુનકર હમકો બહુત બડી ખુશી હોતી હૈ. દિલમેં બડા આનંદ હો રહા હૈ. મૈંને બહુત મંદિર એવં ધર્મસ્થાન દેખે હૈ, લેકિન યહ મંદિર ઔર સંત-ભક્ત કી બાત સબસે અધિક હૈ. હે સ્વામી ! આપકી બાની સે મુઝે, યહ ખ્યાલ આતા હૈ કિ આજ ભગવાન ધરતી પે પ્રગટ હુએ હૈ. ઈસલિયે અબ આપ મુઝ પર કૃપાદૃષ્ટિ કરકે અપના શિષ્ય બનાઈએ.’

પોલીસ ખાતાના મોટા અધિકારી હોવા છતાંય એમનું અતિ નિર્માનીપણાનું આવું વચન સાંભળ્યું અને એમને પૂર્વના મુમુક્ષુ જાણ્યા એટલે સુખાનંદ સ્વામીએ એમને વર્તમાન ધરાવી કંઠી બાંધી. પછી તે અમલદાર રાજી થઈ ગુરુ સુખાનંદ સ્વામીને પગે લાગ્યા. પછી મંદિરમાં જઈ ઘનશ્યામ મહારાજનાં દર્શન કરી સાધુને રસોઈ નિમિત્તે દશ રૂપિયા ઠાકોરજીને ભેટ મૂકી. પછી પાછા સ્વામી પાસે આવી પગે લાગીને બોલ્યા જે, ‘હે સ્વામી ! મૈં સ્વામિનારાયણ ભગવાન કા ભક્ત હુઆ, લેકિન મેરે ઘરપે બહુત દુઃખ હૈ. આપ કહો તો યે દુઃખ કી બાત કહું.’ સ્વામી કહે, ‘કહો.’

તે સાંભળી અધિકારી કહે, 'હે સ્વામી ! મેરે ઘરમેં અનેક ભૂત રહેતે હૈ. વે મુઝે બહુત પરેશાન કરતે હૈ. ઘરમેં અભક્ષ વસ્તુ લાકર દહીં ઔર દૂધ કે બર્તન મેં ડાલકર સબ દૂષિત કર દેતે હૈં. ઉસ ભૂત કો નિકાલને કે લિયે મૈંને અનેક પ્રયાસ કિયે હૈં ઔર દૂસરે લોગોં કે પાસ ભી ઉપાય કરવાયા, કિંતુ વે ભૂત કીસીસે નીકલતે નહિ હૈ.'

એમની આ વાત સાંભળીને સુખાનંદ સ્વામીએ પોતાની પાસે એક બ્રહ્માનંદ સ્વામીની કરેલી દોહા, ચોપાઈની શિક્ષાપત્રી હતી એ સાહેબને આપીને કહ્યું, 'યહ શિક્ષાપત્રી કી નિત્ય પૂજા કરકે પાઠ કરના. ઘર કે મંદિરમેં સ્થાપન કરકે શુદ્ધ હોકર રસોઈ બનાકર યહ શિક્ષાપત્રી કે સમીપ ઘી કા દિયા જલાકર થાલ અર્પણ કરના, ઔર બાદમેં તુમ વો પ્રસાદ જીમના. ઔર હરદિન સંધ્યા સમય પર ભી ઉનકે પાસ ઘી કા દિયા કરના ઔર તાલી બજાકર સ્વામિનારાયણ... સ્વામિનારાયણ નામ કા એક ઘડી સ્મરણ કરના. ઈસસે તમામ ભૂત ભાગ જાયેંગે. ક્યોંકિ યહ શિક્ષાપત્રી ખુદ શ્રીજીમહારાજને લીખી હૈ. ઈસમેં સબ ધર્મ લીખે હૈ. ઈસ શિક્ષાપત્રી કે અનુસાર વર્તન કરને સે આપકા સબ દુઃખ મિટ જાયેગા. ઔર કુટુંબ સહિત આપકા પરમ કલ્યાણ હોગા. આજ સે આપ મેરે શિષ્ય હુએ હો, મેં આપકા ગુરુ હું. ગુરુઆજ્ઞા અનુસાર મૈંને જો કુછ કહા હૈ વો સબ કરોગે તો જરૂર કોઈ ચમત્કાર દેખોગે; ' આમ સ્વામીએ કહ્યું.

પછી થોડાક દિવસો નોકરી માટે તેઓ છપૈયા રહ્યા. સમય પૂરો થયો ત્યારે પોતે પોતાને ગામ ગયા. સ્વામીના કહેવા પ્રમાણે ઘરમાં શિક્ષાપત્રી પધરાવી ઘીના બે દીવા કર્યા; એટલે સર્વે ભૂતો આવી દીવા ઓલવી નાખવા ગયાં કે તરત સૌના દેખતાં શિક્ષાપત્રીમાંથી તેજ નીકળવા માંડ્યું ! તે દિવ્ય તેજ આખા ઘરમાં પ્રસરાઈ ગયું, તેથી ભૂતો બળવા લાગ્યાં. પછી ત્રાસ પામીને મૂર્તિમાન થઈ ઘરમાંથી બહાર નીકળીને આંગણામાં બેઠાં. ત્યારે ગુરુવચનને યાદ કરી અધિકારીએ તાળી પાડી ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એ નામનું સ્મરણ-ભજન કર્યું. તે ધૂન સાંભળી તત્કાળ એ સર્વે ભૂત ત્યાંથી ત્રાસ પામીને **'જ્યાં સ્વામિનારાયણનું નામ, ત્યાં રહે નહિ આપણું ઠામ.'** આમ કહી નાશી ગયાં.

પછી એ ભૂત ક્યારેય ફરીવાર ઘરમાં ન આવ્યાં. આવું મહાઅલૌકિક ઐશ્વર્ય જોઈને તે અધિકારી અને તેમનાં કુટુંબીજનો સ્વામિનારાયણ ભગવાનનો પ્રગટપણે આશરો કરીને ભજન કરવા લાગ્યાં. આવો પ્રતાપ જોઈને ગામના પણ કેટલાક લોકો સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા અને શ્રીહરિના ભજન અને આશરાના બળે સૌ મહાસુખિયા થયા.

વહાલા ભક્તો ! **જે ભગવાનમાં, ભગવાનના સાચા સંતોમાં, ભગવાનની દિવ્ય વાણીમાં, ભગવાનની કથામાં હૃદયથી પ્રેમ કરે; તેના અંતરમાં ભગવાનનો વાસ થાય, થાય અને થાય. બસ સાચો ભાવ જગાડીએ. કપટ, કૂડ, દગા, પ્રપંચ બધું છોડી દઈએ. રાગ-દ્વેષથી પર રહીએ, ભગવાનમાં જ લગની રાખીએ.**

ભગવાનનો હૃદયમાં વાસ થાય પછી પ્રભુની કૃપાથી એ ભક્ત તત્કાળ નિર્વાસનિક થાય છે. નિર્વાસનિક ભક્તને સત્સંગની દિવ્યતા જલ્દી પકડાઈ જાય છે. એટલે એને છતા દેહે અવની ઉપર અક્ષરધામનો અલૌકિક આનંદ અનુભવાય છે. આવા દિવ્ય સમજણવાળા ભક્તોને સમજવા, ઓળખવા થોડું અઘરું છે. એને ઓળખવા માટે આપણી શુદ્ધિ પણ ઘણી જરૂરી છે. આપણે અશુદ્ધ હોઈએ તો શુદ્ધ ભક્તને ન ઓળખી શકીએ. આ શુદ્ધિ ભગવાનના ભજનથી અને સત્સંગથી થાય છે.

**અહં-મમત્વને છોડીને શ્રદ્ધાપૂર્વક થોડું ભજન થાય, તોપણ જીવમાં બહુ તાકાત આવે. કેમ જે, એ શુદ્ધિનું ફાઉન્ડેશન છે.** ખોટા અહં-મમત્વ અને પક્ષાપક્ષીમાં તો જીવનું બહુ બગડે છે, એમાં મજા નથી. માટે અહં-મમત્વ મૂકી, નિર્મળ દૃષ્ટિ રાખી, રાગ-દ્વેષથી રહિત થઈ, પ્રભુમાં હૃદયથી પ્રેમ જગાડી, મોટાં ધન્યભાગ્ય સમજીને સ્વામિનારાયણ...સ્વામિનારાયણ ભજન કરવું; તો ચોક્કસ આપણે પ્રભુના કૃપાપાત્ર બનીશું, બનીશું અને બનીશું જ. એમાં શંકા જ નથી.

# સફળતાનું સિક્રેટ શું ?

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



વહાલા ભક્તો ! આ પૃથ્વી પર જન્મેલ દરેક મનુષ્ય સફળ કેમ નથી થતા ? જેટલા લોકો ધંધો કરે છે તે બધા રતન તાતા જેવા કેમ નથી બની જતા ? જેટલા નોકરી કરે છે તે બધા શ્રેષ્ઠ પ્રમોશન કેમ નથી પામી શકતા ? જેટલા રાજકારણમાં જોડાય છે તે સર્વે કેમ નરેન્દ્ર મોદીજી જેવી સફળતા નથી મેળવી શકતા ? જેટલા ક્રિકેટમાં ઝંપલાવે છે તે સહુ સચિન તેંડુલકર જેવા શા માટે નથી બની શકતા ? આનાં સાચાં કારણો સમજાય અને એને આત્મસાત્ કરી શકાય તો જ તેવી સફળતા મેળવી શકાય.

એવી જ રીતે આપણા આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ઘણું વિચારવા જેવું છે. જેટલા સાધુ-સંત બને છે તે સર્વે શુકદેવજી અને ગોપાળાનંદ સ્વામી જેવી સમજણ અને સ્થિતિ કેમ નથી સાધી શકતા ? જેટલા ભક્તો છે તે બધા પ્રહ્‌લાદ, અંબરીષ અને દાદા ખાચર તથા પર્વતભાઈ જેવા કેમ નહિ બની શકતા હોય ? જેટલાં મહિલા ભક્તો છે તે સર્વે શબરી, ગોપીઓ અને મોટીબા-લાડુબાની જેમ પ્રભુને વશ કેમ નથી કરી શકતાં ? જો એનાં રહસ્યોને આપણે જાણતા નથી, જાણવા માટે કાંઈ કરતા નથી અથવા સત્સંગના પ્રતાપે જે કાંઈ સમજવા મળે છે, તેને ચરિતાર્થ કરવા તત્પર નથી, તો આપણે પણ અન્ય કહેવાતા સંત-હરિભક્તની જેમ સામાન્ય જીવન જીવી મરી જઈશું.

જો આપણે પણ ઉપરોક્ત વડવાઓની જેમ શ્રેષ્ઠતમ સફળતા પ્રાપ્ત કરવી હોય તો તેનાં રહસ્યો સમજવાં અને આત્મસાત્ કરવાં અતિ આવશ્યક છે.

આધ્યાત્મિક ક્ષેત્રે શ્રેષ્ઠતમ સિદ્ધિ હાંસલ કરવી જ હોય તો આટલા મુદ્દા જરૂરી છે :–

**(૧) ગમે તેવા વિકટ સંજોગોમાં પણ ડગે નહિ કે પ્રલોભનોમાં ફગે જ નહિ; એવું મજબૂત જીવનલક્ષ્ય નક્કી કરવું.**

મારે આ જ જન્મે પરાત્પર પ્રભુને પામવું જ છે. મારો આ જન્મનો એ જ જીવનધ્યેય છે. એ જ મારી સાચી સફળતા છે. પ્રભુને પામવા માટે જે

કરવું પડે તે બધું જ કરવા હું તૈયાર છું; આવું શુદ્ધ અને સ્ટ્રોંગ જીવનલક્ષ્ય હોય એ અતિ આવશ્યક છે. તેવા જીવનલક્ષ્યની એ જ ખાતરી છે કે લક્ષ્ય સિવાયની બીજી ગમે તે સિદ્ધિ ગમે તેટલી મળે, છતાં તેનાથી સંતોષ ન વળે કે તેનો હર્ષ પણ ન થાય; ઊલટાનું એ વિઘ્નરૂપ મનાય. વળી, તે જીવનલક્ષ્યને સિદ્ધ કરવામાં ગમે તેટલો સમય લાગે, સખતમાં સખત મહેનત કરવી પડે અને ગમે તેટલો ભીડો આવે પણ તે ભક્ત લક્ષ્ય ચૂકે જ નહીં.

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે - પરણું તો વર પુરુષોત્તમ પરણું, નહિ તો કુંવારી મરું.

રુક્મિણીજીનો ઠરાવ હતો કે વરીશ તો શ્રીકૃષ્ણ ભગવાને વરીશ, નહિ તો જીભ કરડીને મરીશ. ગઢપુરનાં જીવુબા-લાડુબાને તેના પિતાએ કહ્યું કે, 'જો હવે સહજાનંદ સ્વામીને ઘરે લાવશો તો તલવારથી માથું વાઢી નાખીશ;' તોય પણ પ્રગટ પ્રભુને લાવ્યે જ રહ્યાં. પાણવીના પૂંજા ડોડિયાને પ્રગટ પ્રભુનો સાક્ષાત્ યોગ જોઈતો જ હતો, તો તેના માટે દેહ પાડી દેવા પણ તૈયાર થઈ ગયા. એટલે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, "**अर्थं साधयामि वा देहं पातयामि**" આવી ભગવાનને પામવાની ભડભડતી ભૂખ જગાડવામાં આવે તો ભગવાન મળે જ.

**(૨) પ્રભુને સાક્ષાત્ પ્રાપ્ત કરવાનો બીજો શ્રેષ્ઠ ઉપાય છે – પ્રભુને પમાડે એવા શ્રેષ્ઠ સદ્‌ગુરુની શરણાગતિ-તે સંતની નક્કર નિષ્ઠા, તેમની કૃપા.**

મુક્તાનંદ સ્વામીને મોક્ષનો એવો ખરો ખપ હતો તો રામાનંદ સ્વામીને સંપૂર્ણ સોંપાઈ ગયા. તેમની હરેક કસોટીમાં નિષ્ઠાને નક્કર રાખી અતિ રાજી કરી લીધા. શબરીને પ્રભુ પામવાનો ખરો ઇશક હતો તો માતંગ ઋષિના વચને આખી જિંદગી હોમી દીધી, તો ગુરુકૃપાથી રામ મળી ગયા. આપણા ઇષ્ટદેવ શ્રીનીલકંઠ વર્ણીએ પોતે આપણને શીખવવા ગુરુદેવ રામાનંદ સ્વામીને રાજી કરવા પોતાનું મનધાર્યું બધું મૂકી દીધું. તેમના દાસના દાસ થઈને રહ્યા. ગુરુમાં ભગવદ્‌બુદ્ધિ રાખી ખૂબ જ સેવા કરી. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે – "એમ કૃષ્ણની બુદ્ધિએ કરી, ગુરુને સેવે છે પોતે હરિ..."

મુક્તાનંદ સ્વામીએ પણ કહ્યું છે જે –
"એવા ગુરુદેવ રે ગોવિંદ સમ જાણજો રે;
જેને સંગે પામીએ ભવજળ પાર રે."

આવી નિષ્ઠા રાખી ગુરુજીના વચન મુજબ જીવન જીવીએ અને એમાં અવરોધ કરે એવાં મોહ, મમતા કે માન-અભિમાનને મૂકી દઈએ તો મહારાજ જરૂર મળી જાય.

ગુરુજીના વચન રે વિચારી ઉર ધારજો રે,
ટાળો તમે મોહ મમતા અભિમાન રે;
મુક્તાનંદ કહે છે રે એવી રીતે વર્તતા રે,
તેને ઉર વાસ કરે ભગવાન રે... સદ્‌ગુરુ૦

**(૩) પ્રભુ પ્રાપ્તિનો ત્રીજો ઉપાય છે - ઇષ્ટદેવ તથા ગુરુદેવની કૃપા મેળવવામાં મદદરૂપ થઈ શકે એવા તેમની નિષ્ઠાવાળા સંતો-ભક્તોને માન અને ઈર્ષા મૂકી સેવતા રહેવું. જેઓ તેમનો અભાવ-અવગુણ લેતા હોય તેનાથી હડકાયા કૂતરાથી આઘા રહીએ તેમ આઘા રહેવું.**

જેમ નીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામી વગેરે સંતોને મન-કર્મ-વચને રાજી કર્યા અને રઘુનાથદાસનો ત્યાગ કર્યો. દાદાખાચર અને તેના પરિવારજનોએ માંચાબાપુ તથા મીણબા જેવા ભક્તોને ખૂબ રાજી કર્યા પણ બુઢા ધાધલ જેવાથી સદા છેટા રહ્યા. જો આપણે હાલમાં પણ આ રીતે જ રહીએ તો અવશ્ય પ્રભુ મળી જાય. હા, એમ રહેવામાં નડતર કરે એવાં કામ, ક્રોધ, માન વગેરે દોષોને દૂર કરવા અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ વગેરે સદ્‌ગુણોને સિદ્ધ કરવા રાત-દિવસ તત્પર રહેવું જોઈએ. એવો જ સંગ અને એવું વાતાવરણ સેવવું જોઈએ.



# કથાવાર્તા

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

દિલ્લીના બાદશાહના દરબારમાં એક માણસ ત્રણ પૂતળી લઈને આવ્યો અને કહ્યું, “મહારાજા, આ ત્રણ પૂતળી છે. તેમાંથી કઈ શ્રેષ્ઠ છે, કઈ મધ્યમ છે અને કઈ તુચ્છ છે ? તે કોઈ કહી આપશે તો હું માનીશ કે તમારા દરબારમાં ચતુર પુરુષ છે. તેને હું આ ત્રણ પૂતળીઓ ભેટ આપીશ.”

બાદશાહે વજીરને પૂછ્યું, “બીરબલ આજે કેમ દેખાતો નથી ?” વજીરે કહ્યું, “આજે કોઈક કારણસર તેઓ નથી આવ્યા મહારાજ !” બાદશાહે કહ્યું, “આજે બીરબલ વગર દરબાર ઝાંખો લાગે છે.”

વજીરે કહ્યું, “જહાંપનાહ ! આપણા દરબારમાં અનેક શૂરવીર, બુદ્ધિમાન, ગુણવાન પુરુષો હાજર છે. તેઓ આ પૂતળીને તપાસીને કહી આપશે કે કઈ પૂતળી કેવી છે.”

બાદશાહ કહે, “એ બધા છે, પણ બીરબલની બરાબરી કોઈ ન કરી શકે. બીરબલ ચતુર અને હાજર જવાબી છે. તે ગમે તેવા અટપટા સવાલનો જવાબ તરત આપી શકે.” પછી બાદશાહે રાજા માનસિંહને બોલાવ્યા. ત્રણ પૂતળી બતાવીને કહ્યું, “આ પૂતળીમાંથી કઈ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ છે ? તે જણાવી આપો, તો ત્રણેય પૂતળીઓ તમને ભેટમાં મળશે.” રાજા માનસિંહ પૂતળીઓને જોવા લાગ્યો. ત્રણેય પૂતળીઓનો દેખાવ, પોશાક ઝીણવટથી જોયા; પણ કાંઈ ફરક દેખાયો નહીં, તેથી તેણે કહ્યું, “આ તો ત્રણેય સરખી જ લાગે છે.”

દરબારમાં થોડી ચૂપકી છવાઈ ગઈ, ત્યાં બીરબલ આવી પહોંચ્યો. આવતાવેંત બાદશાહ અને સહુના મુખ ઉપર ખુશી છવાઈ ગઈ. બાદશાહે બીરબલને પૂતળી બનાવનાર માણસની ઓળખાણ કરાવીને આ ત્રણેય પૂતળીઓનો દરજ્જો નક્કી કરવાની વાત કરી. બીરબલે પૂતળીઓ હાથમાં લઈને કેટલીય વાર સુધી ઝીણવટથી જોઈ. પછી પૂતળીઓને મૂકી દીધી અને નોકરને સાવરણાની સળી લાવવાનું કહ્યું. નોકરો તો તરત જ લઈ આવ્યા.

બીરબલે એક પૂતળીના કાનમાં સળી ખોસી તો કાનમાં ગઈ નહીં. એ જ સળી બીજી પૂતળીના કાનમાં નાંખી તો એક કાનેથી બીજા કાને નીકળી ગઈ. ત્રીજી પૂતળીના કાનમાં નાંખી તો તે પૂતળીના પેટમાં ઊતરવા લાગી. ભરાયેલો દરબાર અચંબો પામીને જોઈ રહ્યો હતો. બીરબલે જાહેર કર્યું, “જે પૂતળીના કાનમાં સળી જતી નથી તેની કિંમત કોડીની છે. તે કોઈની વાત કાને ધરવા માંગતી જ નથી. જ્યારે બીજી પૂતળીના એક કાનમાંથી નીકળીને બીજા કાને નીકળી તે બધાની વાત સાંભળે છે, પણ બીજા કાનેથી કાઢી નાંખે છે. જ્યારે ત્રીજી પૂતળીના કાનમાં નાંખેલી સળી તેના પેટમાં પહોંચે છે એટલે સાંભળેલી વાત પેટમાં રાખી શકે છે, પચાવી શકે છે; તે ઉત્તમ પૂતળી ગણાય.”

દરબારીઓએ બીરબલની ચતુરાઈ જોઈ આખા દરબારને તાળીઓથી ગજવી મૂક્યો. બનાવનાર માણસે બીરબલને ત્રણ પૂતળીઓ ભેટ આપી અને બાદશાહે પણ બીરબલને ભેટ આપી. પછી કરામતી પૂતળી બનાવનારને પણ ઇનામ આપ્યું.

વહાલા ભક્તો ! આપણું તપાસજો કે આપણે રોજ કથાવાર્તા સાંભળીએ છીએ, તે પેલી ત્રણ પૂતળીની જેમ કથા અંદર ઊતરતી જ નથી કે એક કાનેથી સાંભળી બીજે કાનેથી બહાર નીકળી જાય છે કે પછી અંદર ઊતરે છે ? જો કથાવાર્તા અંદર ઊતરતી હોય તો જ આપણે ઉત્તમ શ્રોતા ગણાઈએ.

# સંપની તાકાત...



લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

જયા સંપ છે ત્યાં સુખ-શાંતિ છે. કાચા સુતરના તાંતણા જુદા હોય તો સહુ કોઈ સહજમાં તેને તોડી નાંખે, પણ જો તે ભેગા હોય તો બળવાન હાથી પણ તેને તોડી શકતો નથી; આવી સંપની તાકાત છે.

એક પૌરાણિક કથા છે. સમુદ્રના કાંઠે એકવાર ટિટોડીએ ઈંડાં મૂકેલાં. અચાનક સમુદ્રમાંથી એક મોજુ આવ્યું ને તે ઈંડાં પાણીમાં તણાઈ ગયાં. ટિટોડીએ ચિચિયારી કરવા માંડી ને સમુદ્રને કહેવા લાગી કે, 'મારાં ઈંડાં પાછા આપી દે,' પરંતુ સમુદ્રએ કાંઈ જવાબ ન આપ્યો. તેથી ટિટોડીએ પોતાની નાતને ભેગી કરી ને બધી વાત કરી. બધાએ ભેગા મળી સમુદ્રને પૂરી દેવાનો નિર્ણય કર્યો ને માંડ્યા સમુદ્રને પૂરવા. કોઈ ચાંચમાં, કોઈ પાંખમાં, તો કોઈ પગમાં કાંકરા-તરણાં લઈ સમુદ્રમાં નાંખવા લાગ્યાં.

તેમની આ મહેનત જોઈને બીજાં પક્ષીઓ પણ મદદમાં આવ્યાં; પણ સમુદ્રને શું ફેર પડે ? તેણે કોઈ મચક આપી નહીં. એ વખતે નારદજી ત્યાંથી પસાર થયા. તેમણે આ બધું જોયું, એટલે તરત વૈકુંઠમાં જઈ ગરુડજીને વાત કરી કે પૃથ્વીલોકમાં તમારી નાતનાં બધાં પક્ષીઓ ભેગાં થઈ સમુદ્રને પૂરી રહ્યાં છે, માટે તમારે મદદ કરવા જવું જોઈએ.

ગરુડજી ભગવાનની આજ્ઞા લઈ જ્યાં પક્ષીઓ સમુદ્ર પૂરી રહ્યાં હતાં ત્યાં આવ્યા ને પૂછ્યું, "અરે, આ શું કરો છો ?" પક્ષીઓ કહે, "આ સમુદ્ર ટિટોડીનાં ઈંડાં લઈ ગયો છે તે પાછા આપતો નથી, તેથી અમે તેને પૂરી દેવા માંગીએ છીએ."

ગરુડજી કહે, "અરે ! સમુદ્ર કાંઈ આમ પુરાય ખરો ? તમે ગાંડાં થયાં છો કે શું ?" પક્ષીઓ કહે, "એ ગરુડભાઈ ! તમારે મદદ કરવી હોય તો કરો, પણ અમને નાહિંમત કરશો નહીં." પક્ષીઓની આવી હિંમત જોઈ ગરુડજી રાજી થઈ ગયા ને મદદમાં લાગી ગયા. ગરુડજી તો પાંખમાં મોટા મોટા પર્વતો ઉપાડીને સમુદ્રમાં નાંખવા માંડ્યા. જોતજોતામાં સમુદ્ર ઘણો પુરાય ગયો.

સમુદ્રને બીક લાગી કે નક્કી આ લોકો મને પૂરી દેશે; એટલે તરત તે શરણે થયો ને કહેવા લાગ્યો, "અરે પક્ષીઓ ! તમે શા માટે મને પૂરી રહ્યાં છો ?" પક્ષીઓ કહે, "તું ટિટોડીનાં ઈંડાં લઈ ગયો છે તે પાછાં આપી દે, નહિ તો હમણાં તને પૂરી દઈશું." ત્યારે સમુદ્રને બીક લાગી અને ઈંડાં પાછાં લાવી આપ્યાં.

વહાલા ભક્તો ! બધા પક્ષીઓએ ભેગા મળી હિંમત કરી તો મહાકાય સમુદ્રને પણ શરણે થવું પડ્યું, માટે કોઈ ગમે તેવો બળવાન હોય પણ સંપની તાકાત સામે તેનું કાંઈ ચાલતું નથી.

આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો કામ, ક્રોધ, ઈર્ષ્યા, માન વગેરે મહા બળિયા શત્રુ છે; પણ જો આપણે અરસપરસ પ્રેમથી સંપીને રહી, મહારાજ અને સંતો-ભક્તોને રાજી કરવા મહેનત કરતા જ રહીશું, તો અંતઃશત્રુની કોઈ તાકાત નથી કે આપણને હેરાન કરી શકે. આ સંપની તાકાત છે. એટલે જ તો મહારાજે હરિલીલામૃતમાં કહ્યું છે :

**જ્યાં સંપ છે ત્યાં સુખ છે વિશેષ,**
**કુસંપમાં તો દુઃખ છે અશેષ;**
**જો સર્વ ઇચ્છો સુખ સંપ સેવો,**
**સુખપ્રદાતા નથી સંપ જેવો.**

# મહાનતા

લેખક : સાધુ વર્ણિવેષદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



એક ક્લાસરૂમમાં અચાનક એક વિદ્યાર્થી ઊભો થયો અને તેણે પ્રોફેસરને કહ્યું કે, 'મારા જન્મદિવસ પર મને મારા પિતાજીએ ગીફ્ટમાં આપેલી કિંમતી ઘડિયાળ કોઈએ ચોરી લીધી છે.' આ સાંભળી પ્રોફેસરે એક આઇડિયા વિચાર્યો. તેમણે તમામ વિદ્યાર્થીઓને પોતાની આંખો ઉપર પટ્ટી બાંધીને એક લાઇનમાં ઊભા રહેવા કહ્યું. પછી પ્રોફેસરે બધાના ખિસ્સા તપાસવાનું શરૂ કર્યું.

થોડી જ વારમાં એક છોકરાના ખિસ્સામાંથી ઘડિયાળ મળી ગઈ. પ્રોફેસરે ચૂપચાપ તે ઘડિયાળ લઈને પેલા વિદ્યાર્થીને આપી દીધી. પ્રોફેસરે કોઈને કાંઈ ન કહ્યું. વળી, બધાની આંખો પર પટ્ટી હોવાને કારણે કોઈને કાંઈ ખબર પણ ન પડી કે ઘડિયાળ કોણે ચોરી હતી ? પરંતુ તે ઘડિયાળ ચોરનાર છોકરો પછીના ત્રણ દિવસ સુધી ગભરાતો રહ્યો કે તેની ચોરીની જાણ બધાને થઈ જશે, પણ કોઈને તેની ખબર ન પડી.

વહાલા ભક્તો ! આપણે પણ ઘણી વાર ત્રણ-ત્રણ દિવસ સુધી ગભરાયા છીએ; પરંતુ વહાલા પૂ.ગુરુજી, પૂ.દયાળુ સ્વામી કે સંતોના દિલમાં આપણા માટે નિ:સ્વાર્થ ભાવના અને માતૃપ્રેમ જ હોય છે. અને આપણે જેટલા દુ:ખી થઈએ છીએ તે આપણા જ કોઈ અજ્ઞાનનું ફળ હોય છે.

થોડા મહિનાઓ બાદ બધા વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ પૂરો કરી સારું રીઝલ્ટ મેળવી કોલેજમાંથી ચાલ્યા ગયા. ઘણા વર્ષો પછી કોલેજમાં જૂના વિદ્યાર્થીઓનો રીયુનિયન કાર્યક્રમ હતો. હવે જે વિદ્યાર્થીએ ઘડિયાળની

ચોરી કરી હતી, તે તો મોટો ઉદ્યોગપતિ બની ગયો હતો. તે પોતાના પ્રોફેસર પાસે ગયો. તેણે પ્રોફેસરને કહ્યું, 'મારા જીવન પર તમારું ઋણ છે. આજે હું જીવું છે તે તમારા જ કારણે.' પ્રોફેસરે આના પાછળનું કારણ પૂછ્યું.

પછી પેલા વિદ્યાર્થીએ કહ્યું, 'સર ! એકવાર તમારા ક્લાસમાં એક ઘડિયાળ ચોરાઈ હતી. ત્યારે તમે બધાની આંખો પર પટ્ટી બંધાવીને બધાનાં ખિસ્સાં તપાસ્યાં હતાં. એ જ દિવસે આબરૂ જવાના ડરે મેં નક્કી કરી લીધું હતું કે જો બધાને ખબર પડી જશે તો હું આત્મહત્યા કરી લઈશ. સર ! તે ઘડિયાળ મારા ખિસ્સામાંથી મળી હતી, પરંતુ તે અંગે તમે કોઈને ન કહ્યું. વળી, તમે મને માફ કરીને મારી આબરૂ સાચવી લીધી.'

આ સાંભળી પ્રોફેસરે કહ્યું, 'હું નહોતો જાણતો કે ઘડિયાળ તેં લીધી હતી.' આ વાક્ય સાંભળતાંની સાથે જ પેલા વિદ્યાર્થીએ ખૂબ જ આશ્ચર્યની સાથે પૂછ્યું કે, 'સર ! તમે જ બધાનાં ખિસ્સાં તપાસ્યાં હતાં, તેમ છતાં તમને ખબર નથી ?!' પ્રોફેસરે નમ્રતાપૂર્વક કહ્યું, 'જ્યારે મેં તમારા બધાની આંખે પટ્ટી બાંધવાનું કહ્યું ત્યારે સાથોસાથ મેં મારી આંખ પર પણ પટ્ટી બાંધી દીધી હતી. હું એવું નહોતો ઇચ્છતો કે મને ખબર પડે કે મારા કયા વિદ્યાર્થીએ આ કામ કર્યું છે. જેથી તે વિદ્યાર્થી મારી નજરમાંથી ઊતરી જાય !' આ સાંભળીને તે વિદ્યાર્થી નતમસ્તક થઈ ગયો.

વહાલા ભક્તો ! આપણા જીવનમાં કોઈ એવી ચોરીની તો પરિસ્થિતિ નથી, પરંતુ પૂ.ગુરુજી અને વડીલ સંતો-ભક્તોને આપણે આપણું અંતર જણાવતા હોઈએ છીએ; પણ સો વખતનો અનુભવ એવો છે કે તેઓ સદૈવ આપણી ભૂલો ભૂલી જતા હોય છે. કોઈની ભૂલની ખબર પડે અને તેનું અપમાન કરવું, નિંદા કરવી અને સજા આપવી, એ તો સામાન્ય વાત છે; પરંતુ તેની ભૂલ માફ કરીને તેનું આત્મસન્માન બચાવવાની તક આપવી તે મહાનતા છે. અને તે મહાનતા પૂ.ગુરુજી અને સંતો-ભક્તોમાં ખૂબ જોવા મળે છે. માફી આપવી અને માંગવી - આ ગુણ જેનામાં હોય એ જ ખરેખર શક્તિશાળી છે.

**સામાની ભૂલ હોય તોય,**
**કાંઇ બોલ્યા વિના જ;**
**તેને સહન કરવી તે,**
**જ્ઞાન છે મહાનતા જ.**

**પોતાની ભૂલ હોય તો,**
**માફી માંગી લેનાર;**
**જ્ઞાન અતિશે મહાન છે,**
**તેમ જ માફી દેનાર.**

વહાલા ગુરુજી અને સંતો આપણું ઘણું બધું જાણવા છતાં આપણી ભૂલોને માફ કરી ખૂબ જ આગળ લેતા હોય છે અને આપણને ભગવાનની કૃપાના પાત્ર બનાવે છે. આપણે પણ ઘણા સારા સંસ્કારી જીવનને પામ્યા તેમાં વહાલા ગુરુજી અને સંતો-ભક્તોનો ખૂબ જ ભોગ છે. પરંતુ આપણે તેમના ઋણ તળે કેટલા દબાઈને રહીએ છીએ ?

વહાલા ભક્તો ! આપણી સાથે રહેનારા કોઈ નાના કે કુસ્વભાવવાળા નથી, પરંતુ તેઓ ખૂબ જ મહાન છે. વચનામૃતના આધારે કહીએ તો 'દિવ્ય છે, અક્ષરધામના મુક્ત છે.' વળી, આજે જે શિક્ષાને પાત્ર હોય તે આવતીકાલે સહુનો આદર્શ પણ હોઈ શકે. માટે કોઈમાં ગૌણબુદ્ધિ ન કરવી તે જ આપણી સાચી મહાનતા છે.

વહાલા મહારાજ અને પૂ.ગુરુજીનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે, આપ ખૂબ હેતાળ ને કોમળ હૃદયના છો. તમે અમારા અંતરનું સર્વ પ્રકારે જાણતા હોવા છતાં અમને કેવળ કરુણાથી નભાવો છો, ધ્યાન રાખો છો. આપની આ કરુણાને અમે ક્યારેય ન ભૂલીએ એવી કૃપા કરજો, કૃપા કરજો, કૃપા કરજો...

# સહજ અને સરળ ભગવદ્ધ્યાન

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ભક્તો, આ ધામભાવે અખંડ સ્મરણ વર્ષમાં પૂ.ગુરુજીએ કહ્યા મુજબ આપણે આપણા વહાલા વહાલા મહારાજનું અખંડ સ્મરણ, ભજન અને ધ્યાન કરવા ઘણો પ્રયત્ન કરીએ છીએ. વળી તે વિષે શ્રીજીમહારાજે ગઢડા પ્ર.પ્ર.ના ૨૨મા વચનામૃતમાં કહેલ છે કે, "ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિશે વૃત્તિ રાખે અને જ્યારે ભજનમાંથી ઊઠીને બીજી ક્રિયાને કરે ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે, તો તેની વૃત્તિ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહીં. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં સર્વ ક્રિયાને વિશે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય."

વળી, આપણા ગુરુજી પણ કહે છે કે,

**હરિ સંભારવા આગ્રહથી, બીજું સહજ કરાય;**
**'જ્ઞાન' જો ઉલટું થાય તો, સમજો ગયા મરાય.**

વહાલા ભક્તો, સહેજે અને સરળતાથી ભગવાનું સ્મરણ, ભજન, ધ્યાન કરવાની અમુક સહેલી ટેક્નિકો છે. તેમાં ખાસ તો આપણે આપણાં મનની વૃત્તિનો સદુપયોગ કરવાનો છે. સવારના જાગીને રાત્રે સૂઈએ ત્યાં સુધીમાં જ્યારે આપણું મન નવરું હોય ત્યારે આપણે ઘણા વિધવિધ બિનજરૂરી સંકલ્પ-વિકલ્પો કરતા હોઈએ છીએ. તેને બદલે આપણને મહારાજમાં હેત થાય તેવાં કીર્તન કે તેની કોઈ કડી, ચોપાઈ વગેરે મોટેથી કે મનમાં બોલીને અથવા એમને એમ નીચે મુજબની વિવિધ દિવ્ય ભાવનાઓ વારંવાર કર્યા કરીએ તો સહેજે મહારાજ સાંભરે અને દિવ્ય આનંદ આવે.

▶ (આપણે જ્યાં હોઈએ ત્યાં) આ દિવ્ય ધામ છે, અહીં ઘનશ્યામ મહારાજ પ્રત્યક્ષ વિરાજે છે અને હરે-ફરે છે, મારી સાથે રહેલ આ બધા સંતો-ભક્તો દિવ્ય મુક્તો છે, હું દિવ્ય છું, આ સર્વે પદાર્થો ને સાધનો પણ દિવ્ય છે. આ સંતો-ભક્તોની સર્વ ક્રિયાઓ દિવ્ય છે.

▶ (આરતીનાં દર્શન, સ્તુતિ-પ્રાર્થના કરતી વખતે) અહો ! અહીં દિવ્ય તેજમાં શ્રીહરિ પ્રત્યક્ષ વિરાજમાન છે, અનંત મુક્તો મહારાજની સામે હાથ જોડી ઊભા છે, હું પણ તેમની સાથે છું; ને મહારાજ મારી સામે કરુણા દૃષ્ટિથી જોઈ રહ્યા છે.

▶ (ધૂન-કીર્તન સાંભળતી કે ગાતી વખતે કીર્તનમાં આવતા વર્ણન પ્રમાણે કે પોતાને ગમતી અન્ય ભાવનાઓ પ્રમાણે) હિંડોળે ઝૂલાવું છું, તેઓ મારી સામે મંદમંદ હસી રહ્યા છે, કોઈ મુક્ત સંત પણ મારી સાથે મહારાજને ઝુલાવે છે; મહારાજનો અભિષેક કરું છું, મહારાજ અને મુક્તોની સાથે રાસ લઉં છું, મહારાજ મારી સાથે લટકાં કરે છે, તેમનાં વસ્ત્ર મને અડે છે.(વગેરે)

▶ (ઘર, ઓફિસ વગેરેમાં કામકાજ કરતી વખતે) મહારાજ મારો હાથ ઝાલી હાલે, ચાલે છે ને વાતો કરે છે. ક્યારેક મહારાજ મંદમંદ હસતા થકા આંખના ઇશારાથી કે હાથની ચેષ્ટાથી મને પોતાની પાસે બોલાવે છે.

▶ (ક્યારેક કાર કે કોઈ વાહનમાં બેસીને ક્યાંક જતા હોઈએ ત્યારે) મહારાજ મારી બાજુમાં બેઠા છે, અથવા માણકી ઘોડી પર સવાર થઈ મારી કાર સાથે ઘોડી દોડાવતા આવે છે.

▶ માનસીમાં કે અન્ય જ્યાં જ્યાં મહારાજને ધારીએ ત્યાં ત્યાં મહારાજ, તેમની સાથે રહેલ સંતો-ભક્તો, ભોજનની વાનગીઓ, પાત્રો, વસ્તુ-પદાર્થો વગેરે દિવ્ય અને તેજોમય ધારવાં.

શ્રીહરિનું સ્મરણ, ભજન, ધ્યાન વગેરે કરવાની આવી બીજી ઘણી બધી ટેક્નિકો હોય છે, તેમના જે અનુભવી હોય તેમની પાસેથી આપણા અંગને મળતી ટેક્નિક શીખી લેવી જોઈએ.

# સિદ્ધિ, પ્રસિદ્ધિ, પરિણામ વિપરીત બુદ્ધિ

લેખક : સાધુ સંકીર્તનદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

થોડા વર્ષો પહેલાં મુંબઈની ઝૂંપડપટ્ટીમાં રહેનારો વિદ્યાર્થી ધોરણ ૧૦માં મહારાષ્ટ્ર ફર્સ્ટ આવતા ખૂબ ચમક્યો. અને એક મોટી કંપનીના માલિકે તેને ભણાવવા માટે દત્તક લીધો. તેને ભણવા માટે પોતાના બંગલામાં જ સારી સુવિધાવાળો રૂમ આપ્યો. પરિણામ એ આવ્યું કે બે વર્ષ પછી ૧૨ બોર્ડમાં તે ફેલ થયો. ઝૂંપડપટ્ટીમાં સ્ટ્રીટ લાઇટના અંજવાળે વાંચીને તે જે રીઝલ્ટ સિદ્ધ કરી શક્યો, તે સંપૂર્ણ સુવિધાવાળો બંગલો મળ્યા પછી પણ ન કરી શક્યો. તેની પાછળનું રહસ્ય પ્રસિદ્ધિ.....

**સિદ્ધિ મેળવવી સહેલી છે પણ તેનાથી મળતી પ્રસિદ્ધિ પચાવવી ઘણી કઠણ છે.** આ લોકમાં વધુ ધન કમાવું, સારું ભણવું, કોઈ કાર્ય કે કળામાં કુશળ થવું, સારા ગુણવાન થવું વગેરે વગેરે અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની હોંશ સૌને જાગે છે. અને થોડા ઘણા પ્રયત્નો સાથે પ્રભુકૃપા કે આશીર્વાદ ભળતાં તે સિદ્ધ પણ થાય છે, પરંતુ આ સિદ્ધિને પચાવી શકે તેવા વિરલા કોઈક જ હોય છે.

મગનીરામ ખૂબ જ મુમુક્ષુ હતા. ભગવાનને પ્રાપ્ત કરવા જ નીકળ્યા હતા. અને દેવીની ઉપાસના કરતાં કરતાં તેમને સિદ્ધિઓ પ્રાપ્ત થવા લાગી. શરૂઆતમાં તો કોઈ તેમને ગાળ દે કે અપમાન કરે તે સહન કરી લેતા, પરંતુ એકવાર કોઈ અધર્મીઓએ મેલી વિદ્યાનો પ્રયોગ કર્યો ત્યારે તેમનાથી પણ સામે પ્રયોગ થઈ ગયો. પરિણામે તે જીત્યા અને સૌએ તેમને ખૂબ જ વખાણ્યા. ત્યારપછી જે સિદ્ધિઓ અધર્મીને દંડ દેવા વાપરતા તે ધીરેધીરે પોતાનું વર્ચસ્વ વધારવા વાપરવા લાગ્યા. હવે જે પોતાનું ન માને તેને ઉલાળતા. આ રીતે બળજબરીથી હજાર જેટલા શિષ્યો પણ કર્યા; પણ ભગવાનને પામવાની ઇચ્છા હતી તો માંગરોળમાં મહારાજે તેમનું અભિમાન ઉતાર્યું અને છેવટે પોતાના સંત કરી અદ્વૈતાનંદ નામ પાડ્યું.

મગનીરામ પાસે સિદ્ધિ તો હતી, પણ જેવી પ્રસિદ્ધિ મળી તેવી બુદ્ધિ વિપરીત થવા લાગી. અને પોતાના આત્માની શુદ્ધિ અને વૃદ્ધિનું કામ સાવ વિસારે પડ્યું.

**સિદ્ધિ મળે એટલે પ્રસિદ્ધિ મળવાની જ, પણ તે પ્રસિદ્ધિનું પોઇઝન આપણી આત્મશુદ્ધિ અને વૃદ્ધિમાં અવરોધક ન બને તે માટે હંમેશાં યાદ રાખવું કે, 'આ કૃપા અને કર્તૃત્વ છે કોનું ?'** વડોદરાના મંગળિયાને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની કૃપાથી જ રાજ્યમાં નોકરી મળી હતી, પણ તે કૃપા ભૂલીને પ્રસિદ્ધિનો પાવર વાપરવા ગયો તો માઠી દશા થઈ ગઈ.



વહાલા ભક્તો, આ લોકમાં અને સત્સંગમાં વહાલા મહારાજની અને મોટાપુરુષની કૃપાથી અને હિતેચ્છુઓની પ્રાર્થનાથી આપણને જે કાંઈ ધન, કળા, સદ્‌ગુણરૂપી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તેની પ્રસિદ્ધિથી પીગળી જઈએ તો પરમાત્માને પામવાનું કામ અધૂરું રહી જાય. અને જો કેવળ પોતાના આત્માના કલ્યાણ માટે તેને શ્રીહરિ તથા સંતો-ભક્તોની પ્રસન્નતા માટે ઉપયોગમાં લઈ લઈએ તો જરૂર મહારાજની મૂર્તિ સિદ્ધ થાય.



# ઐશ્વર્યનો અપચો અને ખપની બલિહારી

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ભક્તો ! ભગવાને આપણને મનુષ્યદેહ આપ્યો, આવો સત્સંગ આપ્યો, સારા વિચારો આપે છે, આપણા દેહનું ભરણપોષણ કરે છે, આપણા યોગક્ષેમનું વહન કરે. અરે ! સર્વ રીતે હિતકર્તા એવા ભગવાન જ બધું આપે છે, પરંતુ આપણે જ્યારે તે ભૂલી જઈએ છીએ ત્યારે અભિમાન આવે છે ને પછી પતન થાય છે.

એક સમયે શ્રીજીમહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં બિરાજમાન હતા ને સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને વાત કરી જે, 'બધે ઠેકાણે સત્સંગ થયો પણ સિંધ દેશમાં નથી, તો ત્યાં સત્સંગ કરાવવા કોને મોકલશું ?' ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, 'મહારાજ ! આ શેખજીને મોકલો. તે સત્સંગ કરાવશે.'

પછી મહારાજે શેખજીને બોલાવીને કહ્યું, 'તમે સિંધ દેશમાં સત્સંગ કરાવવા જાઓ. અમે તમને અમારું ઐશ્વર્ય આપીએ છીએ, તેણે કરીને તમે જેને જમપુરી દેખાડશો તેને જમપુરી દેખાશે ને તમારી દાઢી દેખાડશો તેને ધામ દેખાશે.' આમ ઐશ્વર્ય પ્રાપ્ત થયું એટલે મહારાજની રજા લઈ, પગે લાગી શેખજી ચાલ્યા. અમદાવાદ આસપાસના ગામડામાં ગયા. ત્યાં હરિભક્તોના ઘેર ઉતારો કર્યો અને કહે મારી દાઢી સામું જુઓ. જે જુએ તેને સમાધિમાં ધામનાં દર્શન થાય. આવું બધું જોઈ સત્સંગી રાજી થયા ને શેખજી માટે રોજ પાકા થાળ શરૂ થયા. પધરામણી ને માન-સત્કાર વધ્યાં; તેથી શેખજીને ભગવાને મને કૃપા કરીને ઐશ્વર્ય આપ્યું છે તે ભુલાઈ ગયું અને અહંકાર આવી ગયો કે શ્રીજીમહારાજથી સમાધિ થાય તે મારાથી પણ થાય. પછી થયું કે હવે સિંધ દેશમાં સત્સંગ કરાવવા કોણ જાય ? અહીંયાં જ થાળ જમશું ને આનંદ કરશું; એમ માન-સન્માન ભોગવવા લાગ્યા.

થોડા સમય પછી શેખજી ગામડા ફરતા ગઢડે આવ્યા, પણ મહારાજના દર્શને ન ગયા ને ચોરે ઊતર્યા. અને ગામના માણસોને ભેગા કરીને કહે જે, જેને ધામ જોવું હોય તે મારી દાઢીનું ધ્યાન કરે ને કહે મહારાજ પરચા દે છે તેમ હું પણ દઉં છું; આમ બડાઈની વાતો કરે. આ વાત એક હરિભક્તે મહારાજ પાસે કરી કે, 'મહારાજ ! શેખજી સિંધ દેશમાં ગયા નથી ને બડાઈની વાતો કરે છે, ને આપનાં આપેલાં ઐશ્વર્યથી મનાવા-પુજાવા લાગ્યા છે.' આ વાત સાંભળી મહારાજે દયા કરી બ્રહ્માનંદ સ્વામી, દાદાખાચર આદિક ભક્તોને શેખજીને સમજાવવા મોકલ્યા.

બ્રહ્માનંદ સ્વામીએ ચોરે આવીને શેખજીને કહ્યું, 'સિંધ દેશમાં સત્સંગ કરાવવા કેમ ન ગયા ?' ત્યારે ગર્વથી શેખજી કહે, 'ત્યાં શું કરવા જવું પડે ? મહારાજ સમાધિ કરાવે છે ને મને નથી આવડતી ?' આવાં ગર્વનાં વચન સાંભળી

બ્રહ્માનંદ સ્વામી કહે, 'તમારું માથું ફર્યું કે શું ?' ત્યારે કહે, 'તમને સાધુને અમારી વાતમાં શું ખબર પડે ?' સ્વામી કહે, 'મહારાજ પાસે ચાલો.' ત્યારે તે કહે, 'તમે જાઓ. હું ઘડી પછી આવું છું.'

પછી બ્રહ્માનંદ સ્વામી વગેરે સહુ મહારાજ પાસે આવ્યા ને કહ્યું, 'મહારાજ ! શેખજીનું તો માથું ફર્યું છે.' ત્યારે મહારાજ કહે, 'જીવ ખરો ને; તે અભિમાન આવી જાય.' એમ વાત કરે છે ત્યાં શેખજી આવીને મહારાજની સામે ઊભા રહ્યા. ત્યારે મહારાજે વક્ર દૃષ્ટિ કરીને કહ્યું, 'તુંને શું આજ્ઞા કરી હતી ને શું કર્યું ?' શેખજી જવાબ આપી ન શક્યા ને ઢીલા થઈ ગયા. પછી મહારાજે કહ્યું, 'શેખજી તારી નજર કેટલામાં પડે છે ?' પછી તેની સામે કરડી દૃષ્ટિ કરીને જોયું, ત્યાં તેનું ઐશ્વર્ય હરાઈ ગયું. પછી મહારાજ કહે, 'આ શેખજી આજથી સત્સંગ બહાર છે. તેને કોઈ બોલાવશો નહીં.' એમ કહીને તેને રજા આપી. આમ શેખજી પ્રથમ હતા તેવા થઈ રહ્યા.

પછી ઘણો પસ્તાવો કરી વિચાર્યું કે બ્રહ્માનંદ સ્વામીને મળવું; એમ ધારીને મુખમાં ઘાસ લઈને બ્રહ્માનંદ સ્વામી પાસે આવીને ઊભા રહ્યા ને કહ્યું, 'સ્વામી, હું ભૂલ્યો. મને રસ્તે ચડાવો.' ત્યારે સ્વામી કહે, 'મારું વચન માન્યું નહીં તેથી આ ફળ મળ્યું છે.' ત્યારે શેખજી રડીને કહે, 'સ્વામી, હવે તમે જેમ કહો તેમ કરું.' બ્રહ્માનંદ સ્વામીએ તેની દીનવાણી સાંભળીને કહ્યું, 'આ તારી દાઢી ને માથાના વાળ પડાવી નાખ્ય. પછી સ્નાન કરી મહારાજ સામે ઊભો રહેજે. હું મહારાજને સમજાવીશ.'



**જ્ઞાન આધ્યાત્મિક માર્ગનું,**
**સૌથી મોટું રહસ્ય;**
**સર્વદાતા હરિ જ છે,**
**દૃઢ માનજો અવશ્ય.**

પછી શેખજી ઉતારે ગયા ને બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને શેખજીની વાત કરી. મહારાજ કહે તેને ખપ હોય તો અમે કહીએ તે પ્રમાણે કરે. ત્યાં શેખજી દાઢી અને માથાના વાળ પડાવીને આવ્યા. મહારાજ હસીને કહે, 'બ્રહ્માનંદ સ્વામી, આ શેખજીની દાઢી ક્યાં ગઈ ?' સ્વામીએ કહ્યું, 'મહારાજ ! એની દાઢી ઉપર અક્ષરધામનો રસ્તો હતો. તેથી મુક્તના પગને ઠેબે દાઢી ખરી ગઈ.' તે સાંભળી મહારાજ અને સંતો-ભક્તો હસવા લાગ્યા. ત્યારે શેખજી ક્રોધ કરીને કહે, 'બ્રહ્માનંદજી, તમે જે બોલ્યા તે વડોદરાના દીવાન બોલે તો તેનું ગળું કાપી નાખું, પરંતુ મારે કલ્યાણનો ખપ છે ને બીજે ક્યાંય કલ્યાણ દેખતો નથી; એટલે હું લાચાર છું, તમારે શરણે છું. તે સાંભળીને મહારાજ કહે, 'શેખજી, એવો કલ્યાણનો ખપ હોય તો દાદાખાચરના ઘોડાની લાદ ઉપાડવી પડશે.' ત્યારે શેખજી કહે, 'અરે મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશ, પણ મારા ગુના માફ કરો.' પછી મહારાજ શેખજી પર પ્રસન્ન થયા ને કહ્યું તમારા બધાય ગુના માફ છે; એમ કહી હાર પહેરાવ્યો ને અક્ષરધામમાં તેડી જવાનો વર આપ્યો ને સભામાં બેસાર્યા.

વહાલા ભક્તો ! આ વાત શેખજીની જ નહિ, આપણી પણ છે. ભગવાને આપણને જે કાંઈ આપ્યું છે તેમાં માલિકીભાવ લાવી આપણે કેટલા અભિમાની થઈ ગયા છીએ, તે વિચારવા જેવું છે. વળી, શેખજીને ઐશ્વર્યનું અભિમાન આવ્યું, પરંતુ કલ્યાણનો ખપ હતો તો તેમણે નિર્માનીપણે મહારાજના વચન પ્રમાણે કર્યું તો મહારાજે રાજી થઈને અક્ષરધામનો કોલ આપ્યો. માટે આ વાત વાંચી-વિચારી આપણે પણ કલ્યાણના ખરા ખપવાળા થઈએ તેવી મહારાજનાં ચરણોમાં પ્રાર્થના.



# મોટા આંકડાઓ નાના કરવા છે ?

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ   ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આ મહિનામાં કેમ ૭ મંગળા ચુકાઈ ગઈ ? એ તો હમણાં થોડો વર્કલોડ ચાલે છે ને ! સાચું બોલ વર્કલોડ જ કારણ હોય તો ગયા મહિને પણ કેમ તારાથી ૯ મંગળા ચુકાઈ ગઈ હતી ? એમાં તો કોઈ જ વર્કલોડ નહોતો ! વળી, રાત્રે ૧૧-૧૨ વાગ્યા સુધી મોબાઇલમાં રિલ્સ જોવે છે એમાં તો ભાઈને વર્કલોડ જરાય આડો નથી આવતો; આ તે તારો ખરો વર્કલોડ ! ને આ જોઈ લે... મોર્નિંગ કથામાં ૧૧નો આંક. આટલા બધા ગાબડા પાડે છે, તે આમાં પણ તારે કાંઈક તકલીફ હશે જ, ખરું ને ? ના, એવી કોઈ ખાસ તકલીફ તો નથી, પણ થોડું શીડ્યૂલ ટાઇટ હોવાથી ક્યારેક... તારા ટાઇટ શીડ્યૂલમાંથી પણ તું મહિનામાં ૮-૧૦ વાર ક્રિકેટ રમવા ચાલ્યો જાય છે એ શું ? આ અંગે તટસ્થપણે સરખું વિચારી જો. તારો આ જ જન્મે ભગવાનને પામી જવાનો કે રાજીપાની અઢળક કમાણી કરવાનો તારો કોઈ ઠરાવ જ નથી, ધ્યેય જ નથી. વળી, આ સ્થાયી થઈ ગયેલા આંકડાઓ તને માન્ય છે. તેં એને સ્વીકારી લીધા છે એટલે એનું તને દુઃખ પણ નથી. કોઈ તને પૂછતું કે વઢતું નથી એટલે ચાલ્યું જાય છે. જો તારો ખરો ધ્યેય અને ઠરાવ હોય તો નેગેટિવ આંક ઘટતા જાય અને પોઝિટિવ આંક વધતા જાય એવું રીઝલ્ટ મળે જ.

શું હું ઠરાવ વગર જ મહિનામાં ૧૮ કલાક સેવા કરતો હોઈશ ? હા, તારી સેવાની વાત સાચી, પણ આમ સેવાની વાત આગળ ધરી દેવાથી તું ઠરાવને ખરીદી નહિ શકે. તારો ઠરાવ ત્યારે સાચો જ્યારે ક્રોધ, ઈર્ષા અને અભાવનાં ખાનાં ખાલી હોય. ને દિવ્યભાવ, દાસભાવ વગેરેના આંકડાઓ મોટા હોય. દર મહિને ૧૪-૧૪ માનસી રહી જાય તોપણ તારો ઠરાવ એમ જ ઊભો રહે એ કેવું કહેવાય ? આળસ, ગાફલાઈ ને પ્રમાદનો જરા પણ તપાસ કર્યા વગર તું જે બહાનાઓ કે કારણો બતાવી દે છો એ તારી ધ્યેયવિહીનતા છે, પોતાની જાત સાથે આંખ મીંચામણા છે, માયાવી મન સાથેની છેતરપિંડી છે. હું તને એટલું જ પૂછું કે ઝૂમમાં બેસીને કથા સાંભળવાથી એકાગ્રતા વધતા અનેક ફાયદાઓ થાય છે, રાજીપો મળે છે; એની શું તને ખબર નથી ? તોપણ તારાથી ક્યાં બેસાય છે ? જો આવી બધી ધ્યેયપોષક બાબતોમાં તારાથી પ્રવર્તાવાતું નથી, તો શું ધૂડ્ય તારો ધ્યેય છે; આને તો લહતમહતપણું અને લબાડપણું જ કહેવાય. આમ ભગવાન નહિ મળે.

અહીં જો તો, કુદૃષ્ટિમાં કેમ આવડો મોટો આંકડો ? આ બાબતે તો તેં સંતોને મળીને ઠરાવ કર્યો હતો ને ! ક્યાં ગયો તારો ઠરાવ ! અને હા, હું તને ખાસ અહીં લઈ આવ્યો છું એ મૂળ વાત કરું... કોઈ સંત-ભક્તને મળીને તેં તારા અંતરનો વધ્યા-ઘટ્યાનો રિપોર્ટ છેલ્લે ક્યારે આપ્યો હશે ? ઘણો સમય થયો હશે. ઘણો એટલે કેટલોક ? લગભગ ૬-૭ મહિના. ખરેખર તપાસીને સાચું બોલ તો ! અં... આમ તો કદાચ ૧ વર્ષ જેટલું થવા આવ્યું હશે. કેમ, તું તો 'મારે ભગવાનને જલ્દીથી પામી જવું છે' એમ બણગા મારે છો ને પાછો એના માટે દાસ બનીને કોઈની મદદ તો મેળવતો નથી. કોઈ ને કોઈ બહાને તું તને છેતરે છે. સાવ ચોખ્ખું કહું તો... આને જ માન-અહંકાર કહેવાય. પણ હવે આ બધું હું સુધારી લઈશ. જો આ આંકડાઓમાં તારાથી સુધારો થઈ શકતો હોય તો આજ સુધી કેમ ન થયો ?

આધ્યાત્મિક હિસાબ લખવાની મહારાજની આજ્ઞા તો તું પાળે છે; એ બાબત સારી કહેવાય, પણ ઘણાક વર્ષોથી હિસાબમાં એના એ મોટા મોટા આંકડાઓ જ આવ્યા કરે છે, તેમાં કોઈ ફરક નથી પડતો; એનો વિચાર કેમ નથી આવતો ? દોષો-

સ્વભાવોની પીડા ઓછી કેમ નથી થતી ? આગળ કેમ નથી વધાતું ? બસ કારણ એ જ કે મનની છેતરામણીમાં એનું કાંઈક આડું-તેડું સમાધાન લઈ લેવાય છે. માટે હવે તો ઇસ પાર કે ઉસ પાર. આ લિસ્ટ લઈ તારે આજે જ પરિમલ સર પાસે જવાનું છે. પણ... પરિમલ સર ઓફિસવર્કમાં બીઝી હોય, તેમને ડિસ્ટર્બ થશે. તું અંતર્યામી છો ? બીઝી હશે તો પછીનો સમય આપશે પણ ફોન કરીને એપોઈન્ટમેન્ટ લેવામાં તારું શું જાય છે ? સારું તો હવે બપોરે જમીને પછી તરત જ... અત્યારે શું વાંધો છે ? અત્યારે ? હા અત્યારે જ. અં... જેમ પડકું વળ લે તેમ મન વળ લેવા માંડ્યું પણ છેવટે પ્રભુકૃપાથી જીત થઈ. પરિમલ સરને મળતા રહેવાથી ટૂંક સમયમાં એ મોટા મોટા નેગેટિવ આંકડાઓ ખૂબ જ નાના અને નહિવત્ બની ગયા. તેની સાથોસાથ આપોઆપ પોઝિટિવ આંક ઉપર ચડવા લાગ્યો.

વહાલા ભક્તો ! ઉપરોક્ત સંવાદ અન્ય કોઈ વ્યક્તિ સાથેનો નહિ, પણ પોતાના મન સાથેનો છે. પ્રસ્તુત આલેખન ટેરેસ પર વોકિંગ કરતો થકો રોહન પોતાના મન સાથે જે લડાઈ કરી રહ્યો છે એનું છે. બની શકે રોહનની મન સાથેની આ લડાઈ આપણા માટે પણ પ્રેરણાદાયી નીવડે. આધ્યાત્મિક માર્ગે ચાલી રહેલ મુમુક્ષુને માટે બાહ્ય વ્યક્તિ, પરિસ્થિતિ કે પરિબળો સાથેનો સંઘર્ષ એટલો અગત્યનો નથી જેટલો પોતાના મન સાથે લડાઈ લેવાનો આંતરિક સંઘર્ષ અગત્યનો છે. કેટલીક વાર આપણી મન સાથેની લડાઈ કાન-યશોદા જેવી દયાર્દ્ર હોય છે. અર્થાત્ આ લડાઈ આપણે મનને ઉપરથી શત્રુ અને અંદરથી મિત્ર માનીને લડતા હોઈએ છીએ. પરિણામે યોગ્ય રીઝલ્ટ મળવાને બદલે માઠાં પરિણામ ભોગવવાં પડે છે. માટે આપણા મન સાથે તો વકીલ અને શત્રુ બનીને જ કામ લેવું જોઈએ. જો આપણે સમયે સમયે પોતાના મનને ઠમઠોરતા ન રહીએ તો એ ખંધુ થઈ જાય. ને આપણને ચોક્કસપણે અધોગતિ તરફ ધકેલી દે.

શ્રીજીમહારાજે વચ.ગ.મ.૧૨માં રાજા બનીને મન સાથે કામ લેવાથી કેવો ફાયદો થાય છે ! ને રાંક થઈને ગુલામી કરવામાં કામ કેવું બગડી જાય છે ! એની ખૂબ સુંદર વાતો કરી છે; મન ઉપર રાજ્ય કરવાની અદ્ભુત રાજનીતિ શીખવી છે. સદ્.નિષ્કુળાનંદ સ્વામીએ પણ પોતાના “મનગંજન” નામના ગ્રંથમાં નિજ મન અને પરતક મનના સંવાદે આંતરિક લડાઈ કેમ લેવી ? અને માયાકૃત મન સાથે લડતાં વિજય કેમ મેળવવો ? આ અંગેનો ખૂબ સરસ ઉઘાડ કર્યો છે. વળી, આવા જ કાંઈક અનુસંધાન સાથે પૂ.ગુરુજીએ પણ થોડા સમય પહેલાં “મનને પત્ર લખવો-ઉપદેશ દેવો” એવા વિધાન સાથે આપણને આ અંગેનો અભ્યાસ કરવાની શીખ આપી હતી.

મન સાથે લડાઈ લેવાના અભ્યાસથી આપણું મન આપણને કેટલું બધું રમાડી જાય છે ! એનો ખ્યાલ આવે છે. છુપાયેલા દોષો ઓળખાય છે, મનને ઉપદેશ આપવાથી કેટલેક અંશે આત્માની શુદ્ધિ-વૃદ્ધિ પણ થાય છે. પરંતુ આટલું કરવાની સાથે જો આપણે પ્રગટ સંતો-ભક્તોને શરણે જઈ નિખાલસપણે મદદ માંગતા રહીએ તો તો એનાથી અનંતગણો મોટો અને જલ્દી ફાયદો થાય. કેમ જે, આમાં તેઓ આપણને મન સાથેની લડાઈમાં રાખવા જેવી સાવધાની પણ આપશે ને જીત પામવા માટેનો સરંજામ પણ આપશે. પરિણામ એ આવશે કે મનમાં ઘરઘવાનો ને મનમાં પરણવાનો કોઈ જ અવકાશ નહિ રહે ને આપણી શુદ્ધિ-વૃદ્ધિની પ્રોસેસ ઝડપથી થવા લાગશે. એમાં પણ જો આપણે સામે ચાલીને આપણને મદદ કરનારને વઢવા-ટોકવાની કે ટૂંકા ઝાલવાની છૂટી આપીએ ને એ મુજબ સવળું જ લઈએ; એમાં તો આપણી પ્રગતિ એક્ષપ્રેસ ટ્રેનની માફક જોરદાર સ્પીડથી થાય.

વહાલા ભક્તો ! પ્રસ્તુત લેખમાંથી સારરૂપ એટલું શીખી લઈએ કે સા.૧૮ તથા ગ.પ્ર.૩૮મા વચનામૃતમાં મહારાજે કરેલ આજ્ઞા મુજબ આધ્યાત્મિક હિસાબ લખવાની ટેવ પાડીએ, વધ્યા-ઘટ્યાનો તપાસ કરતા રહીએ, મનની છેતરામણીમાં ચાલ્યું જતું લહતમહત અને લબાડ જીવન સુધારી લઈએ, નિયમિત કથાશ્રવણ અને અંતરતપાસ કરતા રહીએ, પ્રગટ સંતો-ભક્તોની મદદથી મનના ગુલામ મટી શૂરવીર થઈએ; અહં-આસક્તિ, આળસ-પ્રમાદ વગેરે દોષો-સ્વભાવોની ખીણમાંથી જલ્દી બહાર નીકળી પ્રભુના ગમતા પાત્ર બનીએ, શ્રીહરિનાં અપરિમિત અને અઢળક સુખના ભોક્તા બનીએ.

# વાતો કે વર્તન..?

લેખક : સાધુ મૂર્તિસ્વરૂપદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આપણા જીવનમાં એક ડોકિયું કરવાની જરૂર છે કે, હું વાતો કરવામાં રહું છું કે વર્તનમાં ઉતારું છું ? આધ્યાત્મિકમાર્ગમાં હું શું કરવા આવ્યો છું ? અને શું થાય છે ? તે સતત તપાસતા રહેવું જરૂરી છે. તો ચાલો, આપણે બે મિત્રની સ્ટોરી પરથી શીખીએ.

સુરત શહેરમાં એક સુંદર તળાવ, અને તેની આસપાસ હરિયાળી ભરેલો એક બાગ છે; જ્યાં લોકો તેમના મોજશોખ માટે રોજ મજા માણવા આવે. લોકોએ હંમેશાં એ બાગમાં બે મિત્રોની મુલાકાત જોયેલી. તેમાં એક હતો સહજ અને બીજો અનંત.

સહજ ખૂબ જ બોલકણો હતો. તે હંમેશાં મોટાં મોટાં સ્વપનાંઓના ઘોડા દોડાવતો અને તેના બડબડાટથી આસપાસના લોકોને આકર્ષિત કરી લેતો. ‘મારે દેશનો સૌથી મોટો ઉદ્યોગપતિ બનવું છે,’



તે હંમેશાં કહેતો કે, 'મારી પાસે એવા ઉદ્યોગલક્ષી વિચારો છે કે એક દિવસ સમગ્ર વિશ્વમાં મારી જ બોલબાલા હશે.' સહજની વાણી એવી હતી કે લોકો મોહિત થઈ જાય. વળી, તે બીજા લોકોને ધંધાને લગતાં સલાહ-સૂચન આપતો રહેતો કે તમારે આ કરવું જોઈએ, તમારે તે કરવું સારું રહેશે.

આમ, સહજ પોતાના વિચારો અને યોજનાઓની એક વિશાળ દુનિયા સર્જતો; જેમાં લોકો તેને સાંભળી હરખાતા, પરંતુ તે પ્રમાણે દિનચર્યા આચરવામાં તેમજ જીવન જીવવામાં પાછળ રહેતો અર્થાત્ તે દિવસો સુધી મોટું કાર્ય હાથમાં લેવા વિશે વાતો કરતો, પણ તે વાતો ક્યારેય કાર્યમાં રૂપાંતરિત નહોતી થતી. લોકોએ તો તેને તેની ખાલી વાતો, સ્વપનાંઓ અને વિચારોમાં જ જાણ્યો હતો. તે બીજાને તો સલાહ-સૂચનો આપતો, પણ પોતાની ગાડી કેવી ચાલી રહી છે ? એમાં તેને ધ્યાન જ ન આપ્યું.

બીજી તરફ, અનંત તેની સાથે સમય વિતાવતો હતો, પણ એનાં સ્વરૂપ અને વર્તનમાં સહજથી સંપૂર્ણ વિપરીત. અનંત બેશક ઓછું બોલતો. તેને જોઈને લાગતું કે તે કામ અને વિચારશીલતાનું મૂર્તિમંત સ્વરૂપ છે. લોકોએ એને ક્યારેય મોટી વાતો કરતા સાંભળ્યો નહોતો. એ ક્યારેય સ્વપનાંઓની વાતો નહોતો કરતો. 'હું આમ કરું છું' એવું પણ બોલતો નહીં; છતાં તેનો ધીમો, મક્કમ કાર્યચેતનાનો પંથ એવો હતો કે તે કાયમ પ્રગતિના માર્ગે આગળ વધતો. તેની વિચારધારા એવી હતી કે જો એક સમયે મારે આ કાર્યને પાર પાડવું હોય તો મારે તેની મહેનત અત્યારથી જ ચાલુ કરી દેવી પડશે. તેથી તે તેનાં સ્વપનાંઓને પૂરાં કરવા કોઈને વાતો કર્યા વગર તેને પ્રાપ્ત કરવા, તેમાં સફળતા મેળવવા મંડી પડતો.

એકવાર સહજ અને અનંત વચ્ચે વાતચીત થઈ. સહજે કહ્યું, 'અનંત, તારે પણ ક્યારેક મારી જેમ મોટાં સ્વપનાંઓ જોવાં જોઈએ, જીવનમાં મોટા વિચારો રાખવા જોઈએ. જો મારી જેમ તું આકાશ સ્પર્શી શકીશ તો લોકો તને પણ જાણશે.' અનંત શાંતિથી હસ્યો અને કહ્યું, 'સ્વપનાંઓ જોવાં ખરાબ નથી, પણ જ્યારે કોઈ સફર આરંભ કરવી હોય, ત્યારે પહેલાં પગ માંડવો જોઈએ, પછીથી સ્વપનાંઓ પૂરાં થાય.' સહજની આંખો ખરેખર મોટાં સ્વપનાંઓની ઉજાસથી ભરાઈ ગઈ હતી, પણ તેને સ્વપનું સાકાર કરવા કદી પગ મૂકવાનું પસંદ ન કર્યું. હમણાં એ ફક્ત વિચારશીલ બની રહ્યો.

અનેક વર્ષો પસાર થયા. સહજનાં મોટાં મોટાં સ્વપનાંઓ, કે જેને લોકો કંઈક મજાની વાત સમજી સાંભળતા હતા. તે એક દિવસ ભૂલાઈ ગયાં. એને યાદ રાખનાર કોઈ બચ્યું ન હતું. તે જાણીતો હતો ફક્ત વાતો અને ખરેખર કંઈ જ ન કરવાની કથા માટે; જ્યારે આ બાજુ અનંતને તેને શાંતિથી કરેલી મહેનત અને ગાઢ વૃત્તિઓએ એક પછી એક અનંત સફળતા અપાવી. અનંત નાનામાં નાનું કામ પણ એક ઊંડું વિચાર કરીને કરતો. તે કોઈ જાહેરાત કરતો નહોતો, કોઈ મોટી વાતો કરતો નહોતો; પરંતુ તેનું કાર્ય જ તેના વિશે વાત કરવા લાગ્યું. અનંતને દુનિયા જાણતી હતી તેના કામથી. તેની પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા અને સફળતા એક કથામાં ફેરવાઈ ગઈ; જે લોકોને કોઈ ગૌરવભરેલી પ્રેરણા આપતી. એણે અનેક પરિવાર અને વ્યક્તિઓને મદદ કરી, જેના કારણે લોકોએ તેને બિરદાવ્યો.

એક દિવસ શહેરના મુખ્ય મેદાનમાં વિશાળ કાર્યક્રમ યોજાયો. ઘણાં મોટા ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો અને સમાજસેવકો એ કાર્યક્રમમાં હાજર હતા. સહજ પણ ત્યાં હતો, પણ આ વખતે તે એક સાંભળનારની ભૂમિકા અદા કરતો હતો. તેના શ્વાસમાં હવે રસ ઊડી ગયો હતો. લોકો જ્યારે ભાષણ આપનારા પદ્મવિભૂષણ ગ્રહિતા અનંત વિશે ચર્ચા કરી રહ્યા હતા, ત્યારે સહજ તે જોઈ રહ્યો હતો. તે જાણતો હતો કે અનંતે કદી મોટા મોટા શબ્દો બોલ્યા નહોતા, પરંતુ આજે તે વ્યક્તિ આટલી ઊંચાઈએ પહોંચી છે કે લોકો એનું નામ ગર્વથી લઈ રહ્યા છે. સહજનો ચહેરો નમ્ર અને મૌન હતો. તેનું મન કહેતું હતું કે, 'વાતો બધાને સુંદર લાગે છે, પરંતુ વાસ્તવિક જીવન તો વર્તન ઉપર ટકેલું છે.'

# સત્સંગ સમાચાર

## ● નૂતન સ્મૃતિ દેરી ઉદ્‌ઘાટન પ્રસંગે પદયાત્રા : કુંડળધામ થી સાળંગપુરધામ










પ.પૂ.સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી સાળંગપુરધામની બહાર ‘હોળીધાર’ નામની જગ્યા છે, જ્યાં સત્સંગની મા સમાન સદ્‌.શ્રીમુક્તાનંદ સ્વામી અને તેમની સાથેના ૬૦ સંતોએ કેવું નિર્માનીપણું, દાસત્વ અને ખપ રાખ્યાં અને તેના ફળ સ્વરૂપે સ્વયં શ્રીહરિજી મહારાજ સાળંગપુરથી હોળીધાર માણકી ઘોડી પર બિરાજમાન થઈને પધાર્યા. વળી, સંતોની પ્રદક્ષિણા કરી ઘોડીએથી હેઠા ઉતરી સંતોને દંડવત કર્યા તેમજ રાજી થઈને આશીર્વાદ રૂપે પોતાનું તમામ સુખ સંતોને આપ્યું; આવા પ્રસાદીભૂત ઐતિહાસિક સ્થળ પર આરસપહાણની સ્મારિકા-છત્રીનું સુંદર નિર્માણ કરવામાં આવ્યું છે. તેના ઉદ્‌ઘાટન પ્રસંગે વિ.સં.૨૦૮૧, મહા વદ-૨, તા.૧૪/૦૨/૨૦૨૫ના રોજ કુંડળધામથી સાળંગપુરધામની એક અનોખી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારની કથા બાદ તમામ પદયાત્રી સંતો-ભક્તો શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામના ચોકમાં ભેગા થયા. ત્યારબાદ પૂ.ગુરુજીએ પધારી પૂજાના સેવનીય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ અને સુંદર શણગારાયેલ ગાડીમાં વિરાજિત રાજાધિરાજ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું કંકુ, અક્ષત અને પુષ્પપાંખડીથી વધાવી પૂજન કરી તમામ સંતોનું પણ પૂજન કર્યું. પછી વહાલા મહારાજની આરતી ઉતારી અખંડધૂન અને નામસ્મરણ સાથે ૮:૩૦ વાગ્યે પદયાત્રાનો પ્રારંભ થયો. આ પદયાત્રામાં પૂ.ગુરુજી સાથે તમામ સંતો, સમર્પિત-સેવાભાવી ભક્તો તેમજ કુંડળધામની આજુબાજુના ગામોમાંથી તથા દૂર-સુદૂર ગામો અને શહેરોમાંથી અનેક હરિભક્તો જોડાયા હતા. અખંડ હરિસ્મરણ કરતાં કરતાં સૌ પદયાત્રીઓ ૧૦:૪૦ વાગ્યે સાળંગપુરધામે પહોંચ્યા.

સાળંગપુર મંદિરમાં બિરાજિત ઇષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન, યોગીવર્ય સદ્‌.શ્રીગોપાળાનંદ સ્વામીના દર્શન કરીને નિજ મંદિરમાં સદ્‌.શ્રીગોપાળાનંદ સ્વામીએ ભક્તોનાં કષ્ટ દૂર કરવા પ્રતાપી કષ્ટભંજન દેવ પધરાવ્યા છે, તેમનાં દર્શન કર્યાં. વળી, યોગીવર્ય સદ્‌. શ્રીગોપાળાનંદ સ્વામીની પ્રસાદીભૂત પ્રતાપી છડી(લાકડી)નો પૂ.ગુરુજીએ પ્રસાદીના કૂવાના જળથી અભિષેક કર્યો અને તે પ્રસાદીભૂત જળનો સહુ સંતો-ભક્તો ઉપર છંટકાવ કર્યો હતો. જેનો લાભ લઈ સહુ ધન્ય બન્યા હતા. દર્શન કર્યા બાદ પૂ.ગુરુજી સાથે સૌ સંતો-ભક્તો વાહનોમાં બેસી હોળીધારે જ્યાં સ્મૃતિ દેરીનું નિર્માણ થયું છે ત્યાં પધાર્યા.

પૂ.ગુરુજી, પૂ.શા.શ્રીહરિપ્રકાશદાસજી સ્વામી-અથાણાવાળા અને પૂ.વહાલા સ્વામીના કરકમળો દ્વારા ચરણારવિંદનું પૂજન થયા બાદ શ્રીફળ વધેરી રિબન કટિંગ કરી સ્મારિકા-છત્રીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ.ગુરુજી, પૂ.શા.શ્રીહરિપ્રકાશદાસજી સ્વામી-અથાણાવાળા તેમજ સાળંગપુરધામના સહકાર આપનાર ભક્તો વગેરેએ આરતી ઉતારવાનો અનેરો લાભ લીધો હતો.

આ પ્રસંગે પૂ.દયાળુ સ્વામી, પૂ.વહાલા સ્વામી, પૂ.સ્નેહાળુ સ્વામી તથા પૂ.શા.શ્રીહરિપ્રકાશદાસજી સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌ગારો વ્યક્ત કર્યા હતા. વળી, પૂ.ગુરુજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, 'અનંતકોટી બ્રહ્માંડના નાથ એવા શ્રીહરિએ નિર્માની થઈને આ કાંકરામાં સંતોને દંડવત કર્યા હતા; તો જ્યારે માન આવે તો આ સ્થળ સંભારજો, કોઈ અપમાન કરે તો આ ધાર સંભારજો. જો મનનું ધાર્યું કરીશું, દુઃખ લગાડીશું તો ક્યાંય સુખ મળશે નહીં.' અંતમાં આ સ્મૃતિ દેરી બનાવવામાં જેઓએ સાથ-સહકાર આપ્યો હતો તેવા તમામ સાળંગપુરના ભક્તોને પૂ.ગુરુજીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ પૂ.ગુરુજી સાથે ઉપસ્થિત સૌ સંતો-ભક્તોએ સાળંગપુરધામ ખાતે ઠાકોરજીનો પ્રસાદ લઈ કુંડળ પરત પધાર્યા હતા.

## ● સ્વામિનારાયણ પ્રીમિયર લીગ (SPL)-૭, કુંડળધામ





Winner Team



Runner-up Team

આજની યુવા પેઢીને પ્રભુ ભજાવવાની સાથેસાથે તેમનો સર્વાંગી વિકાસ થાય તેવા આશયથી પૂ.ગુરુજી અવારનવાર વિવિધ આયોજન કરીને પ્રભુમાં જોડાવાનો માર્ગ મોકળો કરી આપે છે. બસ, આવા જ એક ઉમદા આશયથી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી તા.૨૨/૦૨/૨૫ થી તા.૨૩/૦૨/૨૫ દરમિયાન કુંડળધામમાં 'સ્વામિનારાયણ પ્રીમિયર લીગ(SPL)-૭'નું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ- વડોદરા તથા કુંડળધામ તથા સંચાલિત બાળ-યુવા પ્રવૃત્તિ દ્વારા આયોજિત આ SPL-૭માં ૭ ઝોનમાંથી સહજાનંદી યુવાનોની કુલ ૧૨ ટીમોએ ભાગ લીધો હતો.

શ્રીસ્વામિનારાયણ મંદિર-કુંડળધામમાં આવેલ શ્રીજીવાડી સ્થિત કથામંડપમાં પૂ.સંતો, હરિભક્તો અને યુવાનોની હાજરીમાં રાજાધિરાજ શ્રીસ્વામિનારાયણ ભગવાન, પૂ.ગુરુજીના સેવનીય સ્વરૂપ વહાલા શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂ.ગુરુજીએ પૂજન કર્યું. પછી યુવકોએ વહાલા મહારાજ, પૂ.ગુરુજી તથા ઉપસ્થિત સૌ સંતોનો પૂજન કર્યું હતું. ત્યારબાદ પૂ.ગુરુજીએ બેટને શ્રીહરિના પ્રસાદીરૂપ કુમકુમથી ચાંદલા કરી આશીર્વાદ આપી ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં સમયે સમયે પૂ. ગુરુજી તથા પૂ.સંતોએ પધારી બધા યુવકોને પ્રોત્સાહન અને રાજીપો આપ્યો હતો. ઉપરાંત બંને દિવસ પૂ.સંતોએ ગોષ્ઠી તથા વિવિધ ઉત્સવ દ્વારા યુવાનોનું આધ્યાત્મિક પોષણ કર્યું હતું.

છેલ્લા દિવસે પૂ.દયાળુ સ્વામીએ સંતો સાથે પધારી વિનર ટીમ (નડિયાદ+આણંદના યુવાનો) અને રનર્સ અપ ટીમ(કુંડળધામ+સુરતના યુવાનો)ને ટ્રોફી વિતરણ કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ઉપરાંત તમામ ટીમના ખેલાડીઓ તથા પ્રેક્ષકોને તેમના જીવનમાં આવનાર ત્રિવિધ તાપો સામે વહાલા મહારાજ રક્ષણ આપે એવી પ્રાર્થના કરી હતી. આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર સર્વે યુવાનો પૂ.ગુરુજી તથા પૂ.સંતોનો રાજીપો મેળવી ખૂબ આનંદ પામ્યા હતા.

## ● ત્રિદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ-નડિયાદ















શ્રીસ્વામિનારાયણ મંદિર, દિવ્યબાગ-નડિયાદમાં બિરાજિત હેતાળા શ્રીહરિકૃષ્ણ મહારાજ અને લાડકા શ્રીઘનશ્યામ મહારાજના પ્રથમ વાર્ષિક પાટોત્સવ નિમિત્તે પ.પૂ.ગુરુજીની પ્રેરણાથી તા.૧૯/૦૨/૨૫ થી ૨૧/૦૨/૨૫ સુધી 'ત્રિદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૮/૦૨/૨૫ના રોજ સાંજે પ.ભ.શ્રીઅનિલભાઈ કનૈયાલાલ સોનીના ઘરેથી સંતો-ભક્તોના સાંનિધ્યે ધૂન-કીર્તનના સથવારે પોથીયાત્રા નીકળી શ્રીસ્વામિનારાયણ મંદિર, દિવ્યબાગે પહોંચી હતી.

જ્ઞાનયજ્ઞના પ્રારંભે પૂ.સનાતનદાસજી સ્વામી, પૂ.ભગતજી, પ.ભ.નૈનેશભાઈ પટેલ-આણંદ, પ.ભ.ડૉ. અશ્વિનભાઈ, પ.ભ.અમૃતભાઈ પટેલ તથા પ.ભ.મનીષભાઈ સોનીના કરકમળો દ્વારા દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ.ભગતજીએ મંગલ પ્રવચનનો લાભ આપ્યો હતો. આ જ્ઞાનયજ્ઞના વક્તાપદે પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામના શિષ્ય પૂ.દયાળુ સ્વામીએ વ્યાસાસને બિરાજી સદ્.શ્રીદયાનંદ સ્વામી રચિત 'શ્રીહરિચરિત્રચિંતામણિ' ગ્રંથના માધ્યમે હેતાળા હરિવરનાં લીલા ચરિત્રોરૂપ કથાભાગીરથી વહાવી હજારો હરિભક્તોને ભીંજવી દીધા હતા. વળી, આ પ્રસંગે તા.૨૧/૦૨/૨૫ના રોજ પૂ.ગુરુજીએ નડિયાદના ભક્તોની સેવા, મુમુક્ષુતા, સુહૃદયપણું, સંપ અને ભક્તિ જોઈને કુંડળધામથી ફોન દ્વારા પોતાના અંતરના આશીર્વાદરૂપ રાજીપાથી સૌને ન્યાલ કરી દીધા હતા.

આ જ્ઞાનયજ્ઞ પૂર્વે નડિયાદના આબાલવૃદ્ધ સૌ હરિભક્ત ભાઈઓ-બહેનોએ હેતાળા અને લાડકા હરિવરના પ્રથમ બર્થ-ડે નિમિત્તે વહાલાને રાજી કરવા પદયાત્રાઓથી માંડીને ધૂન, કીર્તન, મંત્રજાપ, સેવા, દંડવત, પ્રદક્ષિણા, તિલચિહ્ન, ચેષ્ટા, ઓરડા વગેરે જેવું જુદું જુદું ભજન કર્યું હતું. તેમજ આ જ્ઞાનયજ્ઞ દરમ્યાન અભિષેક, અન્નકૂટ, દિવ્ય શાકોત્સવ જેવા વિધવિધ કાર્યક્રમોનો લાભ લઈ તમામ ભક્તો ધન્ય બન્યા હતા. આવા દિવ્ય માહોલને માણવા ગામોગામથી અનેક ભક્તો પધાર્યા હતા. આ સમગ્ર જ્ઞાનયજ્ઞના યજમાનપદનો લાભ નડિયાદ સત્સંગ સમાજે લીધો હતો.

## ● પદયાત્રા : શ્રીસ્વા. મંદિર કારેલીબાગ થી કલાલીધામ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી ફાગણ સુદ-૩, રવિવાર તા.૦૨/૦૩/૨૫ના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી કલાલીધામ સુધીની પાવનકારી પદયાત્રાનું અદ્દભુત આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રાના પ્રારંભે કારેલીબાગ નિજ મંદિરમાં બિરાજમાન પ્રીતમ પ્રાણ શ્રીઘનશ્યામ મહારાજ આદિક દેવોની મંગળા આરતી-સ્તુતિ કર્યા બાદ સહુ પદયાત્રીઓ મંદિરના પ્રાંગણમાં પધાર્યા. પ્રાંગણમાં જાણે કે પદયાત્રામાં જવા માટે વહાલા મહારાજ ઉતાવળા થતા હોય તેમ અલગ અલગ ૬ સ્વરૂપે દર્શન આપી રહ્યા હતા. તેમાંય સનરૂફ કારમાં રહેલા મહારાજે તો સૌનાં ચિત્ત ચોરી લીધાં. ત્યારબાદ પૂ.ગુરુજીએ ત્રણ જુદા જુદા સુંદર રથમાં બિરાજિત રાજાધિરાજ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ત્રણેય સ્વરૂપોની પૂજા કરી હતી. સાથે પૂ.ડો.શ્રીસંતવલ્લભદાસજી સ્વામી (કોઠારીશ્રી-વડતાલધામ)એ પણ પૂજનનો લાભ લીધો હતો. પછી ભક્તો દ્વારા પૂ.ગુરુજી અને પૂ.સંતોનું પૂજન થયા બાદ ત્રણેય સ્વરૂપોની પૂ.ગુરુજી, પૂ.શ્રીસંતવલ્લભદાસજી સ્વામી-વડતાલધામ, પૂ.ભાવિલા સ્વામી, પૂ.વહાલા સ્વામી, પૂ.સ્નેહાળુ સ્વામીએ આરતી ઉતારીને પૂ.ગુરુજીએ આ પાવનકારી પદયાત્રાનું ૬:૨૧ વાગ્યે પ્રસ્થાન કરાવ્યું હતું.

આખી પદયાત્રામાં પૂ.ગુરુજી, પૂ.સંતો અને યાત્રામાં જોડાનાર તમામ આબાલ-વૃદ્ધ સૌ હરિભક્ત ભાઈઓ-બહેનો ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મેળવતાં ૮:૫૪ વાગ્યે કલાલીધામ પહોંચ્યા. કલાલીધામના કોઠારી પૂ.શ્રીપ્રભુચરણદાસજી સ્વામી(પવન સ્વામી)એ ફૂલહારથી વહાલા મહારાજ તથા પૂ.ગુરુજીનું પૂજન કરી સૌને આવકાર્યા હતા. પૂ.ગુરુજીએ શ્રીજીમહારાજે અભિષેક-પૂજન કરેલ એવા મહાચમત્કારી વહાલા શ્રીલાલજી મહારાજની આરતી ઉતારી. જેના દર્શન કરી સૌ ધન્યભાગી બન્યા અને આનંદ પામ્યા.

પછી તમામ સંતો-ભક્તો કલાલી ગામની ભાગોળે તૈયાર કરેલ સભામંડપમાં સભાના રૂપે ગોઠવાઈ ગયા. ત્યારબાદ પૂ.પાવન સ્વામી -કલાલીધામ, પૂ.સંતવલ્લભદાસજી સ્વામી(વડતાલધામ)એ પ્રસંગોચિત ઉદ્દબોધન કરી આશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં પૂ. ગુરુજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, 'આપણે આપણા આત્માનું કલ્યાણ કરવું હોય તો આત્મામાં રહેલા ભગવાન સિવાયની અન્ય ઇચ્છારૂપ અશુદ્ધિને કાઢી આત્મા શુદ્ધ કરવો પડે...!! ભગવાનનું ધ્યાન અને ભગવાનની આજ્ઞા પાળવાથી કારણશરીર નાશ પામે છે.' આવી સુંદર વાતો દ્વારા ઉપસ્થિત સૌનું આધ્યાત્મિક પોષણ કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂ.ગુરુજીએ માર્ગમાં યાત્રાર્થીઓને મુશ્કેલી ન પડે તેથી વિશેષ કાળજી લીધી હતી. સમયાંતરે શરબત અને પાણી સ્વયંસેવકો દ્વારા અવિરત વહેંચાતું હતુ. આ પાવનકારી પદયાત્રાનો ૨૦૦૦ ઉપરાંત ભક્તોએ પ્રત્યક્ષ લાભ લીધો હતો. અને હજારો હરિભક્તોએ યુ-ટ્યૂબના માધ્યમે આ યાત્રાને માણી હતી.

સભાને અંતે શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ દ્વારા તૈયાર રાખવામાં આવેલ બસો દ્વારા તમામ પદયાત્રી ભક્તોએ કારેલીબાગ મંદિરે પરત આવીને પ્રસાદ લઈ આરામ કરી ધૂનનો પણ લાભ લીધો હતો. વળી, પૂ.ગુરુજીના શ્રીમુખે સાંજે રવિસભાનો વિશેષ લાભ મળ્યો હતો. આમ, આ પાવનકારી પદયાત્રા અને રવિસભા બંનેનો લાભ મેળવી સૌ સંતો-ભક્તો ધન્ય બન્યા હતા.





# શ્રીસ્વા. મંદિર કારેલીબાગથી કલાલીધામ પદયાત્રાની સ્મૃતિઓ...

















